# પ્રસાર ભારતી
## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 19-04-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ ગુજરાતની લોકસભાની 26 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ..
- ✓ લોકસભાની પહેલા તબક્કાની 102 બેઠક માટે આજે સવારે સાત વાગ્યાથી મતદાનનો પ્રારંભ..
- ✓ રાજ્યની લોકસભાની 26 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે આજે વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો ઉમેદવારી પત્રો ભરશે...
- ✓ માધવપુરના લોકમેળામાં બીચ રમતોત્સવનો ગઇકાલથી પ્રારંભ થયો.
- ✓ હવામાન વિભાગે રાજ્યમાં વધુ ગરમી સાથે હીટવેવની આગાહી કરી છે. પોરબંદર અને જુનાગઢમાં આજે યલો એલર્ટ જાહેર.
- ✓ ગુજરાતના ત્રણ ફેન્સિંગ ખેલાડિઓની કેડેટ અને જુનિયર વિશ્વ ચેમ્પિયનશિપ માટે પસંદગી કરાઈ

### ASSEMBLY VACANCY

રાજ્યની લોકસભાની 26 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ હોવાથી વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો ઉમેદવારી પત્રો ભરશે.

ગાંધીનગર લોકસભા બેઠકના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગાંધીનગર લોકસભા બેઠક પરથી ઉમેદવારીપત્ર ભરશે. ઉમેદવારી પત્ર ભરતા પહેલા ગઈકાલે શ્રી શાહે તેમના મતવિસ્તારમાં

ચૂંટણી પ્રચાર શરૂ કર્યો હતો. આ સાથે જ તેમણે અમદાવાદના વેજલપુરમાં જાહેરસભાને પણ સંબોધી હતી.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ પણ આજે નવસારી લોકસભા બેઠક ઉપરથી તેમનું ઉમેદવારીપત્ર ભરશે.ઉમેદવારી નોંધાવતા પહેલા નવસારીમાં તેમણે રોડ શો યોજ્યો હતો. રોડ શોમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગુજરાત પ્રદેશના સંગઠન મહામંત્રી રત્નાકર, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો જોડાયા હતા. નવસારી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર નૈષધ દેસાઇ પણ આજે ઉમેદવારી નોંધાવશે.

આણંદ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અમિત ચાવડાએ ગઈકાલે શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારીપત્ર ભર્યું હતું. ઉમેદવારી પત્ર ભર્યા બાદ અમિત ચાવડાએ આણંદ લોકસભા બેઠક પર જંગી બહુમતીથી વિજય થવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

..................

## Election Camping

ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય અને રાજ્યવિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે આગામી સાતમી મેના રોજ મતદાન થશે.

તે માટેના ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ છે. ઉમેવારીપત્રોની ચકાસણી આવતીકાલે થશે, જ્યારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 22મી એપ્રિલ હોવાથી ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવારો રહ્યા છે તેની માહિતી 22મી સાંજે થશે.

ઉલ્લેખનીય છે કે, સાતમી મે ના રોજ ત્રીજા તબક્કાની લોકસભાની ચૂંટણીમાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 બેઠકો માટે મતદાન થવાનું છે.

દરમિયાન લોકસભાની ચોથા તબક્કાની 13મી મે ના રોજ યોજાનારી ચૂંટણી માટે ગઇકાલે જાહેરનામું બહાર પડતા ઉમેદવારી પત્રો સ્વીકારવાનો પ્રારંભ થયો છે. ચોથા તબક્કામાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 96 બેઠકો માટે મતદાન થવાનું છે. આ માટે આગામી 25મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.

લોકસભાની પહેલા તબક્કાની આજે યોજાનારી ચૂંટણીમાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. મતદાન આજે સવારના સાત વાગ્યાથી શરૂ થયું. કેન્દ્રિય ચૂંટણી પંચે પહેલાં તબક્કામાં એક લાખ, 63 હજાર મતદાન મથકો ઉભા કર્યા છે. પહેલા તબક્કામાં 16 કરોડ, 63 લાખ, મતદારો મતદાનનો અધિકાર ધરાવે છે.

પહેલા તબક્કાના મતદાનમાં ભાજપના નીતિન ગડકરી, સર્વાનંદ સોનોવાલ, કિરણ રિજીજુ અને જીતેન્દ્રસિંહ તેમજ કોંગ્રેસના ગૌરવ ગોગોઈ, કાર્તિ ચિંદમ્બરમ, અને ડીએમએકના દયાનિધિ મારન સહિત કુલ એક હજાર, 625 ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય આજે મતદારો નિર્ધારિત કરશે.

.................

## LOK SABHA MATDAN

લોકસભાની ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે...

મહીસાગર જિલ્લામાં વિવિધ ગામોમાં ઘરે ઘરે જઈને શતાયુ મતદારોને મતદાનનું આમંત્રણ આપી "મતદાર જાગૃતિ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.અને ચૂંટણીમાં અચૂક મતદાન કરવા તથા કરાવવા માટે સર્વને અપીલ કરવામાં આવી હતી.સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા પણ મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વધુ મતદાન થાય તે માટે MGVCL દ્વારા મધ્ય ગુજરાતના સાત જીલ્લાના અંદાજે 22 લાખથી વધુ વીજ ગ્રાહકોના વીજબિલમાં મતદાન જાગૃતિને લગતાં સંદેશ સાથે રબર સ્ટેમ્પ લગાવાશે.

ગીર સોમનાથ જિલ્લામાં ૧ હજાર ૧૬૬ આંગણવાડીઓમાં મમતા દિવસની ઉજવણી સાથે મહિલા મતદાન જાગૃતિ લાવવામાં આવી..

વેરાવળ તાલુકા પંચાયત દ્વારા મતદાન જાગૃતિની અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે, જે અંતર્ગત દરેક નાગરિકને આવકનો દાખલો, નોનક્રિમિલિયર સહિતના દાખલા ઓમાં 'અવશ્ય મતદાન કરો'નો સિક્કો મારીને આપવામાં આવે છે.

.................

## MATDAN JAGRUTI

સુરતમાં બાળ વિદ્યાર્થીઓએ પોસ્ટરો બનાવી મતદાન જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

તો બીજી તરફ સુરતના તમામ તાલુકામાં સખી સહેલી સંગે મતદાન કેમ્પેઈન દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે..

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના વિવિધ ગામોમાં મહિલા મતદાતાઓ પુરુષ મતદાતાઓ જેટલું મહાપર્વમાં યોગદાન આપે તે અર્થે મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડોદરા જિલ્લામાં લઘુ મધ્યમ અને મોટા  ઉદ્યોગ ગૃહોમાં ફરજ બજાવતા તમામ કર્મીઓએ મતદાન કરવા અને  કરાવવા સંકલ્પ કર્યો હતો.. ખેડૂત ઉત્પાદક કંપની તેમજ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન કરતાં ખેડૂતો દ્વારા મતદાર જાગૃતિ મંચ મારફત મતદાન ઝુંબેશ શરુ કરવામાં આવી હતી.

તો બીજી તરફ ડાંગ, કચ્છના લખપત અને અબડાસા તાલુકામાં , સાબરકાંઠા અને ભાવનગરમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા..

.................

## P.BHARTI- EXCHANGE FAIR

ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તે માટે ફોર્મ-૧૨ નું આદાન-પ્રદાન કરવા માટે ગઇકાલે રાજ્ય કક્ષાના પ્રથમ એક્ષચેન્જ મેળાનું અમદાવાદમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ- પી.ભારતી)

.................

## SURAT- AAP

આમ આદમી પાર્ટીમાંથી અલ્પેશ કથરિયા અને ધાર્મિક માલવિયાએ રાજીનામા આપ્યા છે.

અમારા સુરતના પ્રતિનિધી લોપા દરબારના જણાવ્યા મુજબ, અલ્પેશ કથીરિયા આમ આદમી પાર્ટીના દક્ષિણ ઝોનના કાર્યકારી પ્રમુખ હતા, જ્યારે ધાર્મિક માલવિયા ઓલપાડ વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા...

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

## BEACH FESTIVAL

માધવપુરના લોકમેળામાં બીચ રમતોત્સવનો ગઇકાલથી પ્રારંભ થયો છે.

આતીકાલ સુધી ચાલનાર બીચ રમતોત્સવનું 17 એપ્રિલે વિધિવત ઉદઘાટન કરાયું હતું... સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત આ બીચ રમતોત્સવમાં જુડો અને ટેક્વેન્ડોની સ્પર્ધા તેમજ બીચ હેન્ડબોલ, બીચ વોલીબોલ. સાઈટ ફૂટબોલ, કબડ્ડી, દોડ, રસ્સાખેંચ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે. આ સ્પર્ધામાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોના રમતવીરો ભાગ લઇ રહ્યા છે.

આ ઉપરાંત, પોરબંદરના માધવપુર બીચ ઉપર માધવપુર મેળામાં દરિયાકાંઠે રેતી શિલ્પ મહોત્સવ પણ યોજાઇ રહ્યો છે, આગામી ૨૧ એપ્રિલ સુધી યોજાનાર રેતી શિલ્પ મહોત્સવમાં ગુજરાતના ૩૦ થી ૩૫ કલાકારો રેત શિલ્પ કૃતિઓ રજૂ કરવામાં આવી છે. જેમાં કલાકારોએ રુક્ષ્મણી હરણ, માધવ વિવાહ, માધવપુર મેળાની પ્રતિકૃતિ, મોરપીંછ, શંખ, રામ મંદિર, મતદાન જાગૃતિ, જેવા રેતી શિલ્પ તૈયાર કર્યા છે.

.................

## WEATHER

હવામાન વિભાગની જણાવ્યા પ્રમાણે રાજ્યમાં વધુ ગરમી સાથે હીટવેવની આગાહી કરવામાં આવી છે. જેમાં પોરબંદર અને જૂનાગઢમાં આજે યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. 10થી વધી શહેરોમાં તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયું છે. જેમાં સૌથી ગરમ શહેર અમરેલી 42.2 ડિગ્રી, સૌથી ગરમ શહેર અને અમદાવાદનું તાપમાન 41.6 ડિગ્રી રહ્યું.

એવી જ રીતે આ સમયગાળામાં રાજ્યમાં ઘણા સ્થળોએ લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં એકથી પાંચ ડિગ્રી વધુ નોંધાયું છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, થોડા દિવસ સુધી રાજ્યમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના કેટલાંક જિલ્લાઓમાં ગરમીનું મોજું યથાવત રહે તેવી સંભાવના છે.

રાજ્યમાં હાલમાં તીવ્ર ગરમી પડી રહી છે ત્યારે પશુપાલકો તેમજ ખેડૂતો પાકના રક્ષણ તથા પશુપક્ષીઓની સંભાળ માટે કેટલાક ઉપાયો અપનાવવા તંત્ર અનુરોધ કરવામાં આવ્યો છે.

પશુઓને લૂથી બચાવવા માટે તથા શુધ્ધ અને ઠંડુ પાણી પૂરી પાડવાની યોગ્ય વ્યવસ્થા કરવા જણાવાયું છે.

ઉપરાંત, નાગરિકોને બપોરના સમયમાં બહાર ન નીકળવા અને વધુમાં વધુ પાણી પીવાની સલાહ આપવામાં આવી છે. તે ઉપરાંત બહાર નિકળો ત્યારે સુતરાઉ કપડાથી શરીરને ઢાંકીને રાખવાની સલાહ આપવામાં આવી છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો, તેમજ લાંબી માંદગી ધરાવતા લોકોને તડકાથી બચવાની અપીલ કરાઇ છે.

.................

## FENCING COMPETITION

ગુજરાતના ત્રણ ફેન્સિંગ ખેલાડીઓની કેડેટ અને જુનિયર વિશ્વ ચેમ્પિયનશીપ માટે પસંદગી કરાઈ છે.

મહેસાણાની રીતુ પ્રજાપતિએ રજત ચંદ્રક સાથે બીજો ક્રમાંક મેળવી ભારતીય ટીમમાં સ્થાન નિશ્ચિત કર્યું છે.

ડિસાની આશા રાજ્યપુરીયાએ સેબર સ્પર્ધામાં આઠમો ક્રમાંક હાંસલ કર્યો છે. જ્યારે સાબરકાંઠાના જલ્પ પ્રજાપતિ પાંચમાં ક્રમાંક મેળવી ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું છે.

.................